# શિક્ષક છીએ, આટલું કરીએ

આ અઠવાડિયામાં ગુજરાત યુનિવર્સિટીના અધ્યાપકોના ઓરિએન્ટેશનકોર્સમાં એકેડેમિક સ્ટાફ કોલેજમાં વ્યાખ્યાન આપવા જવાનં થયું. મોટાભાગના અધ્યાપક ભાઇ-બહેનો યુવાનવયના હતા. તેમની સાથેની ચર્ચા ખૂબ જ જીવંત રહી. તેમનામાં કશુંક કરી છૂટવાની ધગશ-તમન્ના દેખાઇ આવી. સાથે સમાજ કે સરકાર પાસે રાખેલ અપેક્ષા નહીં સંતોષાતા કેટલીક નિરાશા પણ ડોકાતી હતી. એકંદરે ખૂબ જ આત્મવિશ્વાસ ભભૂકતો હતો. આશાવંત આવા અધ્યાપકો સાથેની ચર્ચા ખૂબ જ ફળદાઇ બની રહી. શિક્ષણકેડી પર હજુ જેમને લાંબો પંથ કાપવાનો છે તેવા આ સૌ મિત્રોને સફળ શિક્ષક બનવા માટે કરેલ સૂચનો તેમજ શૈક્ષણિક મૂલ્યોનો કરાવેલ અહેસાસ અહીં વાગોળું છું.

શિક્ષકનું કામ વર્ગખંડમાં જઇને માહિતી આપવાનું નથી. જો શિક્ષણ દ્વારા માત્ર માહિતી કે જ્ઞાન જ આપવાનું હોય તો શાળા-કોલેજોના મકાનો પાછળ અબજો અબજો રૂપિયાનો ખર્ચ કરવાની જરૂર નથી. આ કામ તો તેના મમ્મી-પપ્પા-મામા-માસી-કાકા- પડોશી વગેરે વાલી કે ટયુશન ક્લાસીસ પણ કરી શકે છે. શિક્ષકનું કામ વિદ્યાર્થીમાં કૌશલ્ય ખિલવવાનું છે. સાથે સંસ્કારનું સિંચન પણ કરવાનું છે. હા... સંસ્કારના સિંચનની શરૂઆત વાલી તરફથી થવી જોઇએ અને તે સંસ્કારમાં વધારો કરવાની અને મજબૂત કરવાની જવાબદારી શિક્ષકે નિભાવવાની છે. જો શિક્ષક સમાજ પાસે કેટલીક અપેક્ષા રાખતો હોય તો સમાજ પણ શિક્ષક પાસે કેટલીક અપેક્ષા રાખે જ. અપેક્ષા સંતોષાવાની શરૂઆત શિક્ષક પક્ષેથી થવી જોઇએ.

આજના વિદ્યાર્થી અને તેને ભણાવતા શિક્ષકના જ્ઞાનની સરખામણી કરજો. મારી દ્દષ્ટિએ તે બંનેમાં વિદ્યાર્થી વધુ જ્ઞાની હશે. કારણ કે, શિક્ષક તો જે વિષય બણાવે છે તે વિષયનું જ જ્ઞાન તેની પાસે હોય છે. જ્યારે વિદ્યાર્થી પાસે તો તે ભણે છે તેવા સાત વિષયનું જ્ઞાન છે. (આ વાત કરતો હતો ત્યાં એક અધ્યાપકે દલીલ કરેલી કે, સાહેબ અમે પણ તે સાત વિષય ભણ્યા હતાં. ત્યારે મારી દલીલ હતી કે, તેમાંથી તમને આજે કેટલું યાદ છે? તે અધ્યાપકે કબૂલ્યું હતું કે, મોટાભાગનું ભૂલીગયા છીએ.) આજનો વિદ્યાર્થી ઇન્ટરનેટ પર બેસીને જ્ઞાનના ઢગલા પોતાના રૂમમાં ઠાલવે છે. તેને જે માહિતી જાણવાની કે મેળવવાની ઇચ્છા થાય તે તમામ માહિતી તે ઇન્ટરનેટ દ્વારા મેળવતો થઇ ગયો છે. આજના કેટલાક વિદ્યાર્થી તેમના કેટલાક શિક્ષકો કરતા વધુ પ્રમાણમાં ઇન્ટરનેટનો ઉપયોગ કરતા હશે. માટે સફળ શિક્ષક બનવા માટે ઇન્ટરનેટને નજીકનો મિત્ર બનાવો. દરેક શિક્ષકના ઘેર ઇન્ટરનેટનું કનેકશન હોવું જ જોઇએ. તેનો વપરાશ પણ હોવો જોઇએ. તેની પરથી મેળવેલ માહિતી વર્ગખંડ સુધી પહોંચવી પણ જોઇએ. આજે હાઇસ્કૂલ કે કોલેજમાં એવાં ઘણાં વિદ્યાર્થીઓ હશે કે જેમને પોતાના બ્લોગ હશે. તો શિક્ષકોએ પણ પોતાના બ્લોગ બનાવવા પડશે. જો તમે બ્લોગ નહીં બનાવો તો બ્લોક થઇ જશો. આજે દરેક શિક્ષકે ઇન્ટરનેટ પર સરેરાશ બે-ત્રણ કલાક સર્ફિંગ કરવાની આદત કેળવવી પડશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ ટી.વી. કે અન્ય માધ્યમો દ્વારા ઘણું ઘણું જ્ઞાન મેળવે છે. શિક્ષકે પણ આવા દરેક માધ્યમોનો ઉપયોગ કરવો પડશે. નહીં તો વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે અંતર વધતું જશે. જેમાં વિદ્યાર્થી જ આગળ દોડતો હશે.

આજે વર્ગખંડમાં નવુંનવું શીખવવા જતો શિક્ષક જૂનુંજૂનું લઇને જાય છે. શિક્ષકે સફળ બનવા માટે વાસી ખોરાકનો ત્યાગ કરવો પડશે. શીખવવાનું વિષયવસ્તુ ભલે અભ્યાસક્રમ મુજબનું જ હોય, પણ તેમાં પણ વિવિધતા, ઊંડાણ લાવીને દર વર્ષે નવું બનાવશો તો જ તમને કે વિદ્યાર્થીને તાજગી આવશે. શિક્ષણએ માત્ર દિમાગની પ્રક્રિયા નથી, દિલની પ્રક્રિયા પણ છે. જેથી શિક્ષણું કામ કરતી વખતે માત્ર દિમાગનો જ ઉપયોગ ન કરતાં દિલનો ઉપયોગ પણ કરો. શિક્ષકે માત્ર સવેતન કામ નથી કરવાનું,

સંવેદન સાથે કામ કરવાનું છે. સાથે એટલું યાદ રાખો કે, શિક્ષકે જેવા છે તેવા નથી દેખાવાનું, પણ જેવા હોવા જોઇએ તેવા દેખાવાનું છે.

શિક્ષક નાસ્તિક નહીં, પણ આસ્તિક હોવો જોઇએ. એટલે કે શ્રદ્ધાળુ હોવો જોઇએ. તેને મુખ્ય ત્રણ બાબત પર શ્રદ્ધા હોવી જોઇએ. પોતાની જાત પર, પોતાના કામ પર અને પોતાના વિદ્યાર્થી પર. જો તમને જ તમારી જાત પર વિશ્વાસ નહીં હોય તો બીજા લોકો તમારી પર કેવી રીતે વિશ્વાસ મૂકશે? જો તમે વિદ્યાર્થી પર વિશ્વાસ નહીં મૂકો તો વિદ્યાર્થીઓ તમારી પર વિશ્વાસ ક્યાંથી મૂકશે? દરેક શિક્ષકે એ બાબત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે, શિક્ષકનું કામ માત્ર સંભળાવવાનું નથી,સાંભળવાનું પણ છે. આજે ઘણાં શિક્ષકો ફરિયાદ કરે છે કે, વિદ્યાર્થીઓ અમારું સંભળતા જ નથી. ત્યારે કહેવાનું મન થાય કે, અરે ભાઇ, તમે વિદ્યાર્થીનું સાંભળશો તો વિદ્યાર્થી તમારું સાંભળશે. વર્ગખંડમાં આવતો વિદ્યાર્થી માત્ર સાંભળવા જ નહીં, કશુંક કહેવા કે પૂછવા પણ આવે છે. તે ધ્યાનમાં રાખીએ. જે શિક્ષક બોલીને ભણાવે છે તેના કરતાં કરીને ભણાવે તે સારો શિક્ષક અને કરાવીને ભણાવે તે ઉત્તમ શિક્ષક. આ રીતે આજના શિક્ષકે પોતાની જાતમાં પરિવર્તન લાવવાની જરૂર છે. હું જ બોલું, હું જ કરું તેમાંથી બહાર નીકળી જઇએ અને વિદ્યાર્થીને જ વધુ બોલવા દો, વધુ કરવા દો. આમ કરતાં બંને પક્ષે ફાયદા થશે. વિદ્યાર્થીનો સારી રીતે વિકાસ થશે અને શિક્ષકને આરામ  મળશે, તાજો જ રહેશે. હા... અહીં એક ચેતવણી પણ છે કે, આમ કરતાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે માત્ર જ્ઞાનાત્મક સંબંધ જ ન બંધાય તે જો જો. સફળ શિક્ષક થવા માટે વિદ્યાર્થી સાથે માત્ર જ્ઞાનાત્મક જ નહીં પણ સંવેગાત્મક સંબંધ પણ હોવો જોઇએ. માત્ર વિદ્યાર્થીને જ નથી સાંભળવાનો, તેના વાલીને પણ સાંભળવાના છે. વાલીના મનમાં શિક્ષક માટે અનન્ય શ્રદ્ધા હોય છે, માટે જ અપેક્ષા હોય છે. આ શ્રદ્ધ તૂટવા ન દો. તેની અપેક્ષા સંતોસવી તે દરેક શિક્ષકની ફરજ છે.

વ્યાખ્યાન સાંભળનાર શિક્ષકોને આપેલ હોમવર્ક આ કોલમ વાંચનાર સૌ શિક્ષકોએ પણ કરવા જેવું છે. હોમવર્કમાં ત્રણ બાબતો હતી. (૧) આજે પણ તમે તમારા કોઇ શિક્ષકને હકારાત્મક રીતે યાદ કરતા હશો. તેમના માટે આજે પણ તમારા દિલમાં ચોક્કસ લાગણી-માન હશે. તો એ શિક્ષકના એવા કયા ગુણોને કારણે તમે આજે પણ તેમને યાદ કરો છો? શું એવા ગુણો તમારામાં છે? જો ના હોય તો એવા ગુણો કેળવજો. (૨) તમારા એવા પણ શિક્ષક હશે કે, જેમના માટે તમારા દિલમાં કોઇ જ માન નથી. તો એવા શિક્ષકના કયા અવગુણોને કારણે તમે તેમને નફરત કરતા હતા. શું એવો કોઇ અવગુણ તમારામાં તો નથી ને? જો હોય તો તેને દૂર કરજો. (૩) તમે તમારા બાળકના શિક્ષક પાસે શું અપેક્ષા રાખો છો ? (આંખ બંધ કરીને બે મિનિટ માટે વિચાર કરો). શું તેવી અપેક્ષાઓ આપણે શિક્ષક તરીકે સંતોષીએ છીએ ખરા? આ ત્રણ બાબતોનો દિલ સાથે વિચાર કીને અમલ કરવામાં આવે તો સફળ શિક્ષક બનવા બીજું વધારે કશું જ કરવાની જરૂર નથી.